



## સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કારતક વદ અગિયારસની ભવ્ય શોભાયાત્રા

અરવલ્લી ગિરિમાળાઓની વચ્ચે આવેલા ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કારતક વદ અગિયારસના દિવસે ભગવાન શામળિયાના પ્રાગટય સ્થાન કરામવુંજ તળાવથી મંદિર સુધી અબીલ-ગુલાલની છોળો અને ભજન કીર્તન અને બેન્ડવાજા સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. કાળીયા ઠાકોરની શોભયાત્રામાં માનવમહેરામણ ઉમટ્યું હતું. કારતક વદ અગિયારસનો ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમ દર વર્ષની આ વર્ષે પણ હૈયે હૈયું દળાય તેવી ભીડ જામી હતી. મેળામાં રાજસ્થાન ગુજરાત મધ્યપ્રદેશથી લાખો ભક્તો કાળિયા ઠાકોરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને જિલ્લા અને રાજયભરમાથી ખૂબ મોટો ભકત સમુદાય ઉમટી પડી કાળિયા ઠાકરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં બાયડ ભાજપના કાર્યકર મનહર પટેલનુ નામ બહાર આવતા ચકચાર

### અરવલ્લી જિલ્લા ભાજપે મનહર પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી હાથ ખંખેર્યા

મોડાસા, તા. ૩

ગુજરાતમાં લોકરક્ષક દળની ભરતીની યોજાયેલ પરીક્ષાના પેપર લીક મામલે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જે ૫ થી ૬ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે જેમાં પેપર લીક કૌભાંડના માસ્ટરમાઈન્ડ તરીકે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અરજણવાવ ગામના મનહર પટેલની પણ ધરપકડ કરવામાં આવતા ભારે ચકચાર મચી હતી. મનહર પટેલ ભાજપનો સક્રિય કાર્યકર હોવાની સાથે કમળના સિમ્બોલ પર બાયડ નગરપાલિકાની ચૂંટણી પણ લડ્યો હોવાની માહિતી બહાર આવતા જીલ્લા ભાજપમાં જાણે સાપ સૂંઘી ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. મનહર પટેલના કરતૂતને પગલે ભાજપ ક્ષોભજનક સ્થિતિમાં આવી જતા અરવલ્લી જીલ્લા ભાજપ દ્વારા તાત્કાલિક અસરથી સભ્યપદેથી સસ્પેન્ડ કરી દીધો હતો. આગામી સમયમાં જીલ્લા ભાજપના અન્ય કાર્યકરોના નામ બહાર આવે તો નવાઈ નહિ.

બાયડના અરજણવાવનો મનહર પટેલ ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં અગાઉ પણ પેપર લાવી અપાતો હોવાની સાથે તેની કરમ કુંડળી શંકાસ્પદ હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે અને ટાટ પેપર કૌભાંડમાં નામ ઉછળ્યું હતું.

મનહરભાઈ રણછોડ ભાઈ પટેલ ૨૦૧૬માં બાયડ નગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટણી લડ્યો હતો પરંતુ કારમો પરાજય થયો હતો. હાલ સાઠંબા પંથકમાં બિયારણના વ્યવસાય સાથે સંકળાયેલ છે. પેપરલીકના મુખ્ય આરોપી તરીકે મનહર પટેલની પોલીસે ધરપકડ કરતા પરિવારજનો અરજણવાવ ખાતેના ઘરે તાળું મારી રફુચક્કર થઈ ગયા છે. ઘરે ફક્ત ૭૫ થી ૮૦ વર્ષના વૃદ્ધા એકલા જ હોવાની સાથે સમગ્ર કૌભાંડથી અજાણ હોવાનું જણાવ્યું હતું. સમગ્ર ગામમાં મનહર પટેલના કૌભાંડ અંગે કે મનહર પટેલ વિષે હરફ ઉચ્ચારવા તૈયાર ના હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# દિવ્યાંગોને સરકારી ભરતીમાં અગ્રતા આપો

### વિકલાંગ દિનની ઉજવણી નિમિત્તે કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ગુજરાતમાં વસતા અંદાજે ૧૧ લાખથી વધુ દિવ્યાંગોને પોતાના પરિવારનું જીવનનિર્વાહ કરવા માટે રાત-દિવસ મહેનત કરવી પડે છે તેમ છતા તેમને જરૂરી આજીવિકા માટે પુરતા નાણા મળતા નથી જેથી રાજ્ય સરકારે દિવ્યાંગોને સરકારી ભરતીમાં અગ્રતા આપવી જોઈએ તથા તેમને દર મહિને પેન્શન મળે તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ. દરમિયાન સોમવારે ૩ ડિસેમ્બર હોવાથી વિશ્વ વિકલાંગ દિનની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ અધિકાર મંચ તથા યુવા વિકલાંગ સંગઠન મંડળ સાબરકાંઠા દ્વારા તેમની માંગણીઓ પરત્વે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ હતુ.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ દિવ્યાંગોને ઓછામાં ઓછુ રૂ. ૩ હજાર પેન્શન તથા ઉચ્ચ શિક્ષણ મેળવેલા શિક્ષીત બેરોજગાર દિવ્યાંગોને રૂ. ૫ હજાર મળવા જોઈએ. સાથોસાથ ગુજરાત સરકારે દિવ્યાંગોને સરકારી કે ખાનગી ક્ષેત્રોમાં નોકરીમાં જોડાવવા માટે અગ્રતા આપવી જોઈએ અને પ્રત્યેક જિલ્લામાં દિવ્યાંગો માટે વિશેષ કોર્ટ હોવી જોઈએ અને તેમાં ચાલતા કેસોનો છ માસમાં નિવેડો લાવવો જોઈએ. આવેદનપત્રમાં વધુમાં જણાવાયા મુજબ દિવ્યાંગોને રોજગારી માટે લોન, દિવ્યાંગ નિગમ તથા વિજળીના બિલોમાં ૫૦ ટકા રાહત અને બે એકર જમીન ફાળવવી જોઈએ.

# અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસે લોકરક્ષક દળ પરીક્ષા લીક મામલે કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૩

રવિવારે યોજાનાર લોકરક્ષકદળ પરીક્ષાનું પેપર લીક થતા પરીક્ષા રદ કરી દેવામાં આવ્યું હતું. પરીક્ષા રદ થતા ૯ લાખ જેટલા પરીક્ષાર્થીઓને રજળવાનો વારો આવ્યો હતો. પરીક્ષાર્થીઓ અને બેરોજગાર યુવાનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. અરવલ્લી જીલ્લા યુથ કોંગ્રેસે લોકરક્ષક દળ પેપર લીક થતા મોટું કૌભાંડ હોવાની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીનામાની માંગ સાથે યુથ પ્રમુખ નિશ્ચલ પટેલે અને મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયાએ જીલ્લા અધી.કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગ કરી પેપર લીક કૌભાંડ અંગે તટસ્થ તપાસ કરવાની માંગ કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકાથી વધુના સમયથી રાજયમાં ભાજપની સરકાર હોવા છતાં શિક્ષિત બેરોજગાર યુવાનોને નોકરી અને રોજગારીની તકો પુરી પાડવામાં સંપૂર્ણ નિષ્ફળ રહી છે. ભૂતકાળમાં તલાટી નોકરી કૌભાંડમાં કરોડો રૂપિયાની લેતી દેતી થઈ હોવાનો અને આ કૌભાંડમાં ભાજપના મળતીયાઓ સંડોવાયેલા હોવાથી ભીનું સંકેલી લેવામાં આવ્યું હોવાનો આક્ષેપ સાથે તમામ મોરચે નિષ્ફળતાઓનો



ઈતિહાસ ધરાવતી ભાજપ સરકારે ગુજરાતના યુવાનોની રોજગારીના મામલે અસહ્ય અને ગુન્હાહિત બેદરકારી દાખવી છે. રાજયની રૂપાણી સરકારની લાપરવાહી અને ગંભીર બેદરકારી બહાર આવી હતી અને ૨ ડિસેમ્બરે યોજાનાર લોકરક્ષક દળની પરીક્ષામાં પેપર લીક થતા પરીક્ષા રદ કરવામાં આવતા લાખ્ખો યુવાનો રજળી પડ્યા હતા અને સમય અને નાણાંનો વ્યય થતા યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં થતા ભાજપ સરકારમાં જો થોડી ગણી શરમ બચી હોય તો રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજીનામુ આપી દેવું જોઈએ યુવાનોની માફી મંગાવી જોઈએની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા યુથ કોંગ્રેસના કાર્યકરોએ લોકરક્ષક પેપરલીક કૌભાંડમાં ભાજપના એક તાલુકા ડેલિગેટ અને સદશ્યનું નામ બહાર આવતા ભાજપના અનેક મોટા માથાઓ સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા હોવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

# ખેડબ્રહ્મા તેમજ પોશીના તાલુકામાં દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે કકળાટ

### માત્ર એક માસમાં પોશીનાની નવ દુકાનોને જથ્થો મળ્યો છે : જ્યારે ખેડબ્રહ્માની ૩૪ દુકાનોને જથ્થો મળ્યો છે

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકાના કુલ ૫૫ દુકાન આવેલી છે જેમાં હાલમાં ૨૧ દુકાનોનો જથ્થો બાકી છે કુલ ૨૭૬૩૫ રેશનીંગ કાર્ડ ધારકો આવેલા છે.

પોશીના અને ખેડબ્રહ્મા રાજયનું બોર્ડરથી અડીને આવેલા તાલુકાના તમામ વનવાસી બંધુઓને મોટી વસ્તી ધરાવતો તાલુકા છે જ્યાં છેલ્લા એક માસથી પૂરવઠો પહોંચ્યા નથી. આમ તો સરકાર દ્વારા દર માસની ૧ થી ૧૫ તારીખ સુધીમાં પુરવઠાનો જથ્થો ફાળવવામાં આવે છે પણ નવેમ્બર માસ પૂરો થઈ ગયો હોવા છતાં અંતરીયાળ તાલુકાઓમાં પુરવઠો ન ફળવાતા લાભાર્થીઓને લાભથી વંચીત થવાનો વારો આવ્યો છે પોશીના તાલુકામાં ટોટલ ૩૯દુકાન ધારકો આવેલા છે જે પૈકી ૧૬૦૦૦ હજાર કાર્ડ ધારકો છે.

૩૯ દુકાન પૈકી આજરોજ સુધી માત્ર ૯ દુકાનદારોને જથ્થો મળ્યો છે જ્યારે સ્થાનિક દુકાનદારો પાસે જથ્થો ન આવતો હોવાથી કાર્ડધારકો દુકાનદારો વચ્ચે તુ તુ મે મે કરવાનો વારો આવ્યો છે જ્યારે અહીંયા જીતીને ગયેલા નેતાઓઓએ ક્યાંરે પણ એવી તસ્દી નથીં લીધી કે અહીની પ્રજાને સમયસર પૂરવઠો મળે છે કે કેમ ચૂંટણી સમયે માત્રને માત્ર પોતાના રોટલી સેકતા નેતાઓએ જોવુ જોઈએ પ્રજાના શુ હાલ છે.

# છેતરપીંડીના નવા નુસખા, ડુપ્લીકેટ પધરાવી સાચી નોટો લઈ ગઠિયો ફરાર

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા વિસ્તારમાં આવેલ ગરમ મસાલાની દુકાન ઉપર જઈને વેપાર કરતી બાળકીને વાતોમાં ફોસલાવીને બે હજારની ડુપ્લીકેટ ત્રણ નોટો પધરાવી ૫૦૦ રૂપિયા રોકડા તથા ગરમ મસાલાનું ૧૦૦ ગ્રામનું પેકેટ લઈને ગઠયો રફુચક્કર થઈ ગયો.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ભરચક વિસ્તારમાં આવેલ ગરમ મસાલાની દુકાન ઉપર બેઠેલ બાળકી હેતલ જયંતિભાઈ વાઘેલા કે જે ગરમ મસાલાનો ધંધો કરે છે તો બપોરના સમયે કોઈ અજાણ્યો ઈસમ ગ્રાહકના વેશમાં આવીને બાળકીને વાતોમાં ફોસલાવી તેની પાસેથી ૧૦૦ ગ્રામ ગરમ મસાલાનું પેકેટ તેની પાસે રહેલ કોથળીમાં વિટેલ ૨૦૦૦ હજારના દરની ત્રણ નોટો એટલે કે ૬૦૦૦ ડુપ્લીકેટ નોટો આપી બાળકીને કહેવા લાગ્યો કે આ ૧૦૦ ગ્રામ મસાલાનું પેકેટ અને મને ૫૦૦ રૂપિયા આપ આગળ મારો મિત્ર ઉભો છે તેને



આપી દઉ પછી બાકીના પૈસા હું આવીને પછી લઈ જઉ છુ અને વેપારી બાળકી વાતોમાં આવી જતા ૫૦૦ રૂપિયા અને ગરમ મસાલાનું ૧૦૦ ગ્રામનું પેકેટ લઈને ગ્રાહકના વેશમાં આવેલ ગઠીયો આવુ છું તેમ કહીને જતો રહ્યો.

અડધો કલાક બે કલાક બાદ પણ ના ગ્રાહક પરત ના આવતાં બાળકીએ થેલી તપાસ કરતા અંદરથી કાગળ અને ૨૦૦૦ હજારના દરની ડુપ્લીકેટ ત્રણ નોટો એટલે ૬૦૦૦ હજાર નિકળતાં તે બુમાબુમ કરતાં આજુબાજુના વેપારીઓ તથા અવરજવર કરતાં લોકો દોડી આવ્યા હતાં પણ અજાણ્યો ગઠીયો તરકીબ અજમાવીને જતો રહ્યો હતો. ત્યારે લોભી હોય ત્યાં ધુતારા ભુખ્યા ના મરે તે કહેવત અહીં સ્વાર્થક થાય છે તેમ કહીએ તો નવાઈ નહીં.

# હિંમતનગર લેઉઆ પાટીદાર સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

લેઉઆ પાટીદાર સમાજ હિંમતનગર શહેરનું સ્નેહ સંમેલન સમાજના પ્રમુખ અને સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ જેમાં સ્વાગત પ્રવચનમાં તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ સમાજના આગેવાનોને વશિષ્ઠ સન્માન બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સમાજના અને જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, કેળવણી મંડળના પ્રમુખ નાથાભાઈ પટેલ સહિત અનેક આગેવાનો હાજર રહેલ. મનુભાઈ અમીચંદભાઈ



પટેલે ભારત અને એકાત્મતાની આધ્યાત્મીકતા ઉપર વાત કરી હતી. કાર્યક્રમમાં સમાજના જે.ડી. પટેલની રાજયના અર્બન ઓથોરેટીમાં ડીરેકટર તેમજ સ્મીતાબેન પટેલ મહેસાણા પ્રાથમીક શિક્ષણ અધિકારી, મુકેશભાઈ પટેલ નાગરીક બેન્કના મેનેજર, જયેશભાઈ પટેલ યુનિ.સેનેટ સભ્ય, અન્ય સમાજના અગ્રણીઓ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. સમાજની દિકરીએ બેટી બચાવો વિશે વાત કરી હતી.

# એદ્રાણાના મુકેશ ચૌધરીની પેપર લીક પ્રકરણે ધરપકડ

### લોકરક્ષકની પરીક્ષા રદ થતા ઉમેદવારો લાલઘૂમ : બનાસકાંઠામાં ૧૧૦ કેન્દ્રોમાં ૪૫૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપ્યા વગર પરત ફર્યા : પાલનપુરમાં ચક્કાજામ કરી ભાજપ સરકાર વિરોધી સુત્રોચ્ચાર

## રૂપાણી સરકાર માટે શરમજનક : મેવાણી

લોક રક્ષક પરીક્ષા મોકૂફ કરવા મામલે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની પ્રતિક્રિયા સામે આવી હતી. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પેપરલીક મામલો રૂપાણી સરકાર માટે શરમજનક ગણાવ્યો હતો. ૬૭૦૦ જગ્યા માટે નવ લાખ ઉમેદવારોના સપના રોળાયા હોવાનું જણાવી તેઓએ પરિક્ષાર્થીઓને થયેલો ખર્ચો પરત આપવાની માંગ કરી હતી. વધુમાં પેપરલીક મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની પણ માંગ કરી હતી.

## પોલીસ અને સ્ટાફ વચ્ચે સંઘર્ષ

લોકરક્ષકની પરીક્ષા દરમિયાન, પાલનપુરની જી.ડી.મોદી કોલેજ ના સ્ટાફને પોલીસે રોક્યો હતો. જેને પગલે પોલીસ અને સ્ટાફ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.લોક રક્ષકની પરીક્ષામા ડયુટી પર જતાં

સ્ટાફના ઓળખ કાર્ડ પર ફોટો ન હોવાથી પોલીસે રોકતા હોબાળો થયો હતો. જેને પગલે સ્ટાફે પરીક્ષાનો બહિષ્કાર કરી ડી.ઈ. ઓ.કચેરીએ રજુઆત કરવા પહોચ્યા હતા.

## પાલનપુરમાંથી પેપર લીક થયું હોવાની અફવા

લોકરક્ષકની પરીક્ષાનું પેપર બનાસકાંઠા જિલ્લાના પાલનપુર માંથી લીક થયું હોવાના અહેવાલો સોશિયલ મીડિયામાં વહેતા થયા હતા. જેને કેટલીક ન્યૂઝ ચેનલોએ પણ અનુમોદન આપતા રાજ્યભરમાં પાલનપુરનું નામ ચર્ચાની એરણે ચડ્યું હતું. જોકે, મોડી સાંજે પાલનપુર નજીકના એક ગામના શૈક્ષણિક સંકુલમાં ફરજ બજાવતા કર્મચારીનું નામ પણ સોશિયલ મીડિયામાં વહેતુ થયું હતું. જોકે, પોલીસ કે ડીઈઓ કચેરી દ્વારા આ બાબતને કોઈ સત્તાવાર સમર્થન મળ્યું ન હતું.

ગતિશીલ ગુજરાતમાં અસામાજિક તત્વોએ ત્વરિત ગતિએ પેપર લીક કરતા લોકરક્ષક ની પરીક્ષા પૂર્વે આન્સર કી બહાર આવી જતા આખરે



આજે યોજાનારી લોકરક્ષકની પરીક્ષા મોકૂફ રાખવાની ફરજ પડી છે. જેને પગલે રાજ્યભરમાં લાખો શિક્ષિત બેરોજગારોને સમય-શક્તિ અને નાણાંના વ્યર્થ વેડફાટ સાથે ભારે હેરાનગતિનો ભોગ બનવું પડ્યું હતું. સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ ૪૫૦૦૦ ઉમેદવારોને પરીક્ષા આપ્યા વિના પરત ફરવું પડ્યું હતું. ત્યારે પાલનપુરમાં વિફરેલા ઉમેદવારોએ ચક્કાજામ કરી સરકાર વિરોધી ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા રવિવારે લેવાનારી લોક રક્ષક ભરતીની પરીક્ષા પેપર લીક થવાના મુદ્દે રદ કરી દેવાઈ હતી. જેના પગલે બનાસકાંઠાના જુદાજુદા સ્થળોના ૧૧૦ કેન્દ્રો ઉપર ૪૫૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપ્યા વિના જ પરત ફર્યા હતા. પરીક્ષા રદ થતાં પોતાની મહેનત પર પાણી ફરી વળતા પોતાના સપના રોળાતા ઉમેદવારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

બનાસકાંઠામાં રવિવારે લોક રક્ષક દળની પરીક્ષા આપવા માટે ૧૧૦ કેન્દ્રો ઉપર ૪૫૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપવા માટે વહેલી સવારથી આવી પહોંચ્યા હતા. જોકે, ૩ કલાકે પરીક્ષા ચાલુ થાય તે પહેલા જ પેપર લીક થયાના મુદ્દે સમગ્ર રાજ્યમાં પરીક્ષા રદ કરવામાં આવી હતી. જેને પગલે પરિક્ષાર્થીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

જ્યાં પાલનપુર જી.ડી. મોદી કોલેજ આગળ પરિક્ષાર્થીઓએ માર્ગ રોકી ચક્કાજામ કરી દીધો હતો. અને ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર



કરતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. જ્યાં દોડી આવેલી પોલીસે ટોળા વિખેરી સ્થિતિ ઉપર કાબુ મેળવ્યો હતો. આ અંગે કચ્છમાંથી આવેલા કલ્પેશ પંચાલે જણાવ્યું હતું કે, પરીક્ષા રદ થતાં અમારી મહેનત, સમય અને નાણાં વેડફાયા છે. જેના માટે સરકાર જવાબદાર છે. જયારે કેટલાક વાલીઓએ પણ પેપર લીક થયું છે કે સરકારે પોતાના મળતીયાઓ ને સાચવવા પેપર લીક કરાવ્યું છે તેવા અણીયાળા સવાલો સાથે સરકાર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

## લોકરક્ષક પેપર લીક મામલે એદ્રાણાના મુકેશ ચૌધરીની ધરપકડ

### વડગામ તાલુકા પંચાયતના ડેલીગેટ છે મુકેશ ચૌધરીની બનાસકાંઠા જિલ્લા ભાજપ દ્વારા હકાલપટ્ટી

લોક રક્ષક ભરતી પરીક્ષાનું પેપર લીક થવાના મામલે રાજકીય કનેક્શન બહાર આવતા રાજકારણ ગરમાયુ છે. આ કેસમાં પાંચ વ્યક્તિ સામે કેસ નોંધવામાં આવ્યો છે. જેમાં વડગામ તાલુકા ના એદરાણા ગામના મુકેશ ચૌધરીનું પણ નામ ખૂલ્યું છે. મુકેશ ચૌધરી વડગામ તાલુકા પંચાયતના ભાજપના સદસ્ય છે. પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા લેવાયેલી લોકરક્ષક ભરતી પરીક્ષા નું પેપર લીક થતા પરીક્ષા રદ કરવામાં આવી હતી. જેના કારણે નવ લાખ જેટલા વિદ્યાર્થીઓની મહેનત પાણીમાં ગઈ હતી.અને આ મામલે વિદ્યાર્થીઓને વાલીઓ માં વ્યાપક રોષ ફાટી નીકળ્યો હતો. જ્યારે સરકારની પણ ખૂબ જ ટીકા થઈ રહી છે. ત્યારે પેપર લીક મામલે સરકારે સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરને તપાસ સોંપાતા પોલીસે કુલ પાંચ વ્યક્તિ સામે ગુનો નોંધી તેઓની ધરપકડ કરી છે. જેમાં વડગામ તાલુકાના એદ્રાણા ગામના મુકેશ મૂળજી ભાઈ ચૌધરીનું નામ પણ ખુલતા પોલીસે મોડી રાત્રે તેની ધરપકડ કરી હતી. મુકેશ ચૌધરી વડગામ તાલુકા પંચાયતમાં ભાજપના ચૂંટાયેલા સદસ્ય છે. તેમજ ગામની ડેરીના ચેરમેન છે. જોકે, પેપરલીક મામલે મુકેશ ચૌધરીનું નામ આવતા જ ભાજપે તેમની પક્ષમાંથી હકાલપટ્ટી કરી છે.

જોકે, તાલુકા ડેલીગેટ મુકેશ ચૌધરી એદ્રાણા ગામમાં સારા વ્યક્તિની છાપ ધરાવે છે.